# આસપાસ ચોપાસ

## શિક્ષણની નવતર સરવાણી: આઝાદી પૂર્વેની પ્રાથમિક શાળા સ્માર્ટ ક્લાસ અને કોમ્પ્યુટર લેબથી સજ્જ

ગોરવા ગામની સરકારી પ્રાથમિક શાળા શિક્ષણ અને ટેકનોલોજીના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ બની છે. 7 ફેબ્રુઆરી 1934ના રોજ સ્થપાયેલી આ ઐતિહાસિક શાળા આજે 92 વર્ષના વહાણા બાદ પણ નવી પેઢીને આધુનિક જ્ઞાન પીરસી રહી છે.

તાલુકા મુખ્ય મથકથી ૨૧ કિમી દૂર હોવા છતાં, આ શાળા સુવિધાઓની દ્રષ્ટિએ શહેરની શાળાઓને ટક્કર આપે તેવી છે. શાળામાં હાલ ધોરણ 1 થી 8ના કુલ 209 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ બાળકોને પુસ્તક જ્ઞાનની સાથે સાથે ટેકનોલોજીથી અવગત કરવા માટે શાળામાં 15 કોમ્પ્યુટરની અદ્યતન લેબ અને 3 સ્માર્ટ ટીવી (પ્રોજેક્ટર) ની સુવિધા કાર્યરત છે. જેના કારણે ગ્રામીણ વિસ્તારના બાળકો પણ ગ્લોબલ લેવલનું શિક્ષણ મેળવી રહ્યા છે. શાળામાં કુલ 209 વિદ્યાર્થીઓમાં 106 કુમાર અને 103 કન્યાઓ છે. શાળામાં બાળકોના સ્વાસ્થ્ય અને સ્વચ્છતા માટે પીવાના પાણીની પરબ અને કુમાર-કન્યાઓ માટે અલગ સેનિટેશન બ્લોકની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. શાળામાં હાલ 8 શિક્ષકો કાર્યરત છે, જેઓ 8 વર્ગખંડોમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન આપી રહ્યા છે.

ગામના વતનીઓએ વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા વિકસાવી સફળતા હાંસલ કરી છે. ગોરવા ગામમાં આંગણવાડીથી લઈને ધોરણ 8 સુધી શિક્ષણની વ્યવસ્થા ખુબ સારી છે. જોકે વધુ ઉચ્ચ અભ્યાસ માટે ગામ આસપાસના દહેવાણ , કઠોલ કંકાપુરા કઠાણા સહિત ઘણા દુરના અને નજીકના ગામો જવાનું રહે છે. ગામમાં શિક્ષણ પ્રત્યે ખુબ જ જાગૃતતા જોવા મળે છે. હાલના સમયમાં ગામના લોકો ખેતીની સાથે સાથે પોતાના પરિવારના દરેક માટે શિક્ષણ હેતુસર વિશેષ કાળજી રાખી રહ્યા છે. જેથી ગામના વતનીઓ એસટી નિગમ, પોસ્ટ , લોક રક્ષક, વાયરમેન, નર્સિંગ, શિક્ષક જેવા વ્યવસાયો સાથે જોડાયેલા છે

**1934માં સ્થપાયેલી શાળામાં 209 વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે, શાળામાં હાલ 15 કોમ્પ્યુટર અને 3 સ્માર્ટ ટીવી દ્વારા ડિજિટલ ભણતર માટે વિશેષ મહત્વ**



# ગોરવા

## ગોરવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી એટલે ગ્રામજનોની કરોડરજ્જુ સમાન પાયાની સંસ્થા




ગામની પ્રજાનો આર્થિક વિકાસનો શ્રેષ્ઠ સ્ત્રોત દૂધ મંડળી છે. ગામના જાગૃત દીર્ઘદ્રષ્ટિવાળા સ્વપ્નદૃષ્ટાઓએ ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી, હકારાત્મક દૃષ્ટિકોણથી વિચારી સદર સંસ્થાની સ્થાપના તારીખ 21-01-1998માં કરી હતી.. શરૂઆતના વર્ષોમાં આ સંસ્થા નાના મકાનમાં કાર્યરત થઈ હતી. ત્યારબાદ નવા મોટા મકાનમાં થોડા વર્ષો માટે કાર્યરત બની હતી. ત્યારબાદ આ સંસ્થાએ પોતીકું મકાન નિર્મિત કર્યું. ગામના સંનિષ્ઠ નાગરિકોના સહભાગીપણા અને કુશળ વહીવટને કારણે સમયકાળના પ્રવાહ સાથે આ સંસ્થા આજે ગામમાં પ્રવેશતા તેના વિરાટ સ્વરૂપમાં વટવૃક્ષ સમાન અડીખમ ઊભી છે. શરૂઆતના સમયમાં ખુબ ઓછા સભાસદની સંસ્થા નોંધપાત્ર સંખ્યાને સ્પર્શી ગઈ છે. જેમ જેમ સંસ્થા વિકાસની કેડીને કંડારતી ગઈ તેમ તેમ તેની ભૌતિક સુવિધામાં ફેરફાર કરવાની અનિવાર્યતા વધતી જણાતા આ સંસ્થાનું નૂતન અધતન ભૌતિક સુવિધા સંપન્ન મકાન નિર્માણ પામ્યું છે. જેમાં દૂધ સાચવવાનો વિશાળ “ટાંકો” લાવવામાં આવ્યો છે. સદર સંસ્થા દર વર્ષે લોકજન હિતાર્થે ગામની નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય આપી શિક્ષણને ઉત્તેજના આપતી રહી છે. સાથો સાથ જાહેર આરોગ્ય જાળવણી અંતર્ગત ગામસફાઈ, રાહત દરે દવાનું વિતરણ વગેરે ઉમદા કાર્યો કરી, ગામની અવિરત સેવાના કાર્યો પણ કરી રહી છે. સદર સંસ્થા સાચા અર્થમાં નક્કી કરેલા હેતુઓના લક્ષ્યને સર કરી ગામનું આભૂષણ બની રહી છે. દુધ મંડળીમાં વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષ માટે દુધ મંડળીમાં નિયમ મુજબ ચુંટાયેલા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ચેરમેન તરીકે અરવિંદભાઈ ભારતભાઈ સોલંકી અને વાઈસ ચેરમેન તરીકે મધુબેન ઈશ્વરભાઈ સોલંકી જવાબદારી સંભાળે છે. જ્યારે કમિટી સભ્યો તરીકે સોલંકી અરવિંદભાઈ રાવજીભાઈ, સોલંકી સંજયભાઈ ધુળાભાઈ, પરમાર નગીનભાઈ ચંદુભાઈ, સોલંકી ઘનશ્યામભાઈ છત્રસિંહ, સોલંકી મનુભાઈ મગનભાઈ, સોલંકી મનુભાઈ શનાભાઈ, પરમાર રાજુભાઈ રામાભાઈ, સોલંકી મનુભાઈ ખોડાભાઈ અને ભાવનાબેન રાજેશકુમાર નિયુક્ત થયેલ છે. સેક્રેટરી તરીકે પરમાર વિક્રમભાઈ રાયસંગભાઈ ફરજ બજાવે છે.

## સૂપૂર્ણ સોલાર આધારિત સ્ટ્રીટલાઈટ ધરાવતું ગામ બનતાં વીજ બીલમાં મોટી આર્થિક રાહત મળે છે




ગોરવા ગામના વિકાસમાં ગ્રામ પંચાયત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હાલમાં ગામના સરપંચ તરીકે શકુબેન મહિપતસિંહ ડાભી સેવા આપી રહ્યા છે. ગ્રામ પંચાયત દ્વારા ગામમાં માર્ગ, પાણી, સ્વચ્છતા અને અન્ય મૂળભૂત સુવિધાઓ માટે વિકાસકાર્યો કરવામાં આવે છે. સરપંચ ગામના લોકો સાથે સંવાદ રાખીને તેમની સમસ્યાઓ સાંભળે છે અને તેનું નિરાકરણ લાવવા પ્રયત્ન કરે છે. સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવતી વિવિધ વિકાસ યોજનાઓનો લાભ ગામ સુધી પહોંચાડવામાં પંચાયત સક્રિય છે. ગામના વિકાસ માટે લોકો પણ પંચાયતને સહકાર આપે છે. આ રીતે ગ્રામ પંચાયત અને ગામના લોકોના સહકારથી ગોરવા ગામ વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે.ગ્રામ પંચાયત અને સ્થાનિક સંસ્થાઓના સહકારથી ગામમાં વિવિધ વિકાસકાર્યો કરવામાં આવે છે.

### ગ્રામ પંચાયતના સુકાનીઓ

**સરપંચ** શકુબેન મહિપતસિંહ ડાભી, **ડે. સરપંચ** શિલ્પાબેન રાજુભાઈ સોલંકી, **સભ્યો** જ્યોતિબેન કમલેશભાઈ સોલંકી, ભરતસિંહ સંપતસિંહ સોલંકી, હઠિસિંહ રાયસિંહ પરમાર, ભાનુબેન મોતીભાઈ વણકર, ધીરસિંહ મનુભાઈ પરમાર, સંગીતાબેન યોગેશભાઈ સોલંકી, લીલાબેન પ્રભાતભાઈ રાઠોડ

### ગ્રામ પંચાયતના ભૂતપૂર્વ સુકાનીઓ

રામાભાઈ ચતુરભાઈ પરમાર, છત્રસિંહ ખુમાનસિંહ સોલંકી, ચીમનભાઈ દુલાભાઈ સોલંકી, ધુળાભાઈ મંગળભાઈ પરમાર, શાંતાબેન ગણપતસિંહ પરમાર, મધુબેન સંપતસિંહ સોલંકી, વિદ્યાબેન ગણપતસિંહ સોલંકી, મહિપતસિંહ ચંદુભાઈ ડાભી, શકુબેન મહિપતસિંહ ડાભી,

## કૃષિ આધારિત જીવનશૈલી, સહકાર અને સરળતા ધરાવતું પ્રગતિશીલ ગામ



આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલું ગોરવા ગામ ગ્રામ્ય જીવનની સાદગી, પરંપરા અને સહકારની ભાવનાથી ઓળખાય છે. ગામની જીવનશૈલી મુખ્યત્વે કૃષિ પર આધારિત છે, પરંતુ સાથે-સાથે શિક્ષણ, સહકારી સંસ્થાઓ અને સામાજિક એકતા પણ ગામના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કુદરતી વાતાવરણ, મહેનતુ લોકો અને સંસ્કારસભર પરંપરાઓના કારણે ગોરવા ગામ એક જીવંત અને પ્રગતિશીલ ગામ તરીકે ઓળખાય છે. ગામમાં ભાઈચારો, સામાજિક એકતા અને પરસ્પર સહકાર જોવા મળે છે. ગામના લોકો તહેવારો, ધાર્મિક પ્રસંગો અને સામાજિક કાર્યક્રમોમાં એકજૂટ થઈને ભાગ લે છે. આ કારણે ગામમાં શાંતિપૂર્ણ અને આનંદમય વાતાવરણ જોવા મળે છે. ગોરવા ગામ ભલે કદમાં નાનું હોય, પરંતુ તેની સંસ્કૃતિ, પરંપરા અને સામાજિક મૂલ્યો ખૂબ સમૃદ્ધ છે.

ગોરવા ગામ સહિત સમગ્ર બોરસદ વિસ્તાર કૃષિપ્રધાન વિસ્તાર તરીકે ઓળખાય છે, આ પંથકમાં જમીન ઉપજાઉ હોવાથી વિવિધ પાકોની ખેતી થાય છે. ગામ આસપાસ હરિયાળી અને ખેતીવાડીના ખેતરો જોવા મળે છે. ગામની આસપાસના વિસ્તાર સાથે સડક માર્ગ દ્વારા સારો સંપર્ક છે. ગામના લોકો રોજિંદા જીવનમાં ખેતી, પશુપાલન અને મજૂરી જેવા વ્યવસાયો સાથે જોડાયેલા છે. નજીકના શહેરો અને ગામો સાથેના સંપર્કને કારણે લોકો પોતાના રોજિંદા કામકાજ સરળતાથી કરી શકે છે. ગામની ભૌગોલિક સ્થિતિ એવી છે કે અહીં ખેતી માટે યોગ્ય વાતાવરણ મળે છે. વરસાદી મોસમમાં ખેતીને પૂરતું પાણી મળે છે અને ખેડૂતો પોતાના ખેતરોમાં વિવિધ પાકોની ખેતી કરે છે. આ રીતે ગામનું જીવન પ્રકૃતિ સાથે જોડાયેલું જોવા મળે છે. ગોરવા ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અહીંના ખેડૂતો મહેનત કરીને વિવિધ પાકોની ખેતી કરે છે. ગામમાં મુખ્યત્વે ડાંગર, તમાકુ, બાજરી, ઘઉં અને શાકભાજી જેવા પાકો ઉગાડવામાં આવે છે. ખેતી ગામની આર્થિક વ્યવસ્થાનો મુખ્ય આધાર છે. વરસાદી મોસમ દરમિયાન ખેડૂતો પોતાના ખેતરોમાં પાક વાવે છે અને પાકની સારી ઉપજ માટે મહેનત કરે છે. ખેતી સાથે પશુપાલન પણ મહત્વપૂર્ણ વ્યવસાય છે. ઘણા ખેડૂતો ગાય-ભેંસ પાળે છે અને દૂધ વેચીને વધારાની આવક મેળવે છે. આધુનિક ખેતી પદ્ધતિઓ અને કૃષિ સાધનોના ઉપયોગથી ખેતી વધુ ઉત્પાદનક્ષમ બની રહી છે. આથી ગામની આર્થિક સ્થિતિ મજબૂત બને છે.

## ગોરવા ગામ ગ્રામ્ય જીવનની સાદગી, સંસ્કૃતિ અને સહકારનું ઉત્તમ ઉદાહરણ છે

ગોરવા ગામથી નજીકના વિવિધ સ્થળોની સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામથી પોસ્ટ ઓફિસ આશરે ૩ કિલોમીટર દૂર કઠોલ ગામમાં આવેલી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આશરે ૫ કિલોમીટર દૂર આવેલું છે, જ્યાં ગામના લોકો આરોગ્ય સેવાઓ મેળવી શકે છે. બેંકની સુવિધા પણ આશરે ૫ કિલોમીટર દૂર ઉપલબ્ધ છે. માધ્યમિક શિક્ષણ માટે વિદ્યાર્થીઓને નજીકના ગામો અથવા શહેરોમાં જવું પડે છે. જીલ્લા મથક આણંદથી 39 કિલોમીટર અને તાલુકા મથક બોરસદથી 21 કિલોમીટર દૂર આવેલું ગામ છે. અહીં વિવિધ સરકારી કચેરીઓ અને સેવાઓ ઉપલબ્ધ છે. આ રીતે ગોરવા ગામના લોકો નજીકના વિસ્તારોની વિવિધ સુવિધાઓનો લાભ લઈ શકે છે. ગોરવા ગામમાં આશરે ૫ જેટલા ધાર્મિક સ્થળો આવેલાં છે. ગામના લોકો ધાર્મિક ભાવના સાથે મંદિરોમાં પૂજા-અર્ચના કરે છે. તહેવારો અને ધાર્મિક પ્રસંગો દરમિયાન ગામમાં ખાસ ઉત્સાહ જોવા મળે છે. નવરાત્રી, દિવાળી, હોળી અને અન્ય તહેવારો લોકો ખૂબ આનંદથી ઉજવે છે. ધાર્મિક સ્થળો ગામના લોકો માટે આધ્યાત્મિક શાંતિ અને સામાજિક એકતાનું કેન્દ્ર બની રહે છે. અહીં લોકો ભેગા થઈને ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો યોજે છે. આથી ગામમાં સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓ જીવંત રહે છે.



ગોરવા ગામ આજે પરંપરા અને વિકાસ વચ્ચે સંતુલન જાળવીને આગળ વધી રહ્યું છે. ખેતી, સહકારી સંસ્થાઓ અને શિક્ષણના કારણે ગામ ધીમે ધીમે વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. ગામના લોકો મહેનત, સહકાર અને સામાજિક એકતા દ્વારા ગામને વધુ વિકાસશીલ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે. ભવિષ્યમાં શિક્ષણ, આરોગ્ય, માર્ગ અને અન્ય સુવિધાઓમાં વધુ સુધારો થાય તો ગોરવા ગામ વધુ પ્રગતિશીલ બની શકે છે. આ રીતે ગોરવા ગામ ગ્રામ્ય જીવનની સાદગી, સંસ્કૃતિ અને સહકારનું ઉત્તમ ઉદાહરણ છે, જે વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે.

ગામમાં વિવિધ સમાજના લોકો મળીને રહે છે. ગામમાં લોકો પરંપરાગત મૂલ્યોને મહત્વ આપે છે અને એકબીજાના સુખ-દુ:ખમાં સહભાગી બને છે. લગ્ન, તહેવારો અને સામાજિક પ્રસંગો દરમિયાન સમગ્ર ગામ એક પરિવારની જેમ જોડાઈ જાય છે. ગામના લોકો સરળ અને મહેનતુ સ્વભાવ ધરાવે છે. મોટા ભાગના લોકો ખેતી, પશુપાલન અને મજૂરી સાથે જોડાયેલા છે. ગામમાં બાળકો, યુવાનો અને વડીલોનો સંતુલિત સમુદાય જોવા મળે છે. આથી ગામમાં જીવનશૈલી સક્રિય અને જીવંત રહે છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)